# Fun with Family

Day-21 | 19 April, 2020





હાથીભાઈ તો જાડિયા, ઘરમાં રહી કંટાળ્યા,
મમ્મીને કહે મારી સાથે રમોને, પપ્પાને કહે મને વાર્તા કહોને,
કોઈએ ન માન્યું તેમનું કંઈ, બેઠા તે ફોન હાથમાં લઈ,
આનંદે ઝૂમી ઉઠ્યા ત્યારે, **Fun with Family** જોયું જયારે

## "ગુરુમંત્ર લેખન"






બાળમિત્રો, આજે એક
શાંત રૂમમાં બેસી
એક સાથે ૫૧ વાર
ગુરુમંત્રનું લેખન કરીશું...
યાદ રહે ગુજરાતીમાં જ લખીશું.

**' અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ'**

## "લ્યો રાજીપો"



આપણા ગુરુહરિનું પ્રિય
કીર્તન આજે આપણે મોઢે
કરવાનું છે... લીંક દબાવો
અને રાગ સાથે આખું કીર્તન
ગાતા શીખો....

https://bit.ly/3eth3WG



# "ક્વીઝ, ક્વીઝ, ક્વીઝ,"




ચાલો, ફરી આજે નવો પાઠ વાંચીએ અને 'ક્વીઝ' માં પૂરા માર્ક્સ લાવીએ....



**Gujarati**

https://bit.ly/2XSiJDr

**Hindi**

https://bit.ly/2VFB3wx

**English**

https://bit.ly/3anW18t

# "મમ્મીને મદદ"



હં...હં...હં... આજે મમ્મી પાસેથી ગાદલા, ઓશીકા, ચાદર તડકામાં કઈ રીતે તપાવવા તે શીખીએ... અને તેમની આજ્ઞા પ્રમાણે તે બધું તપાવીને પાછું યોગ્ય જગ્યાએ મૂકી આપીએ... અને આવું શા માટે કરવું જોઈએ? તે પણ જાણીએ....

# “જબ મેં છોટા બચ્ચા થા”

આજે મમ્મી-પપ્પા પાસેથી આપણા બાળપણની વાતો જાણીશું...

પ્ર.૧ - હું નાનો હતો ત્યારે મને શું કહીને બોલાવતા ?



પ્ર.૨ - હું ક્યારે રડતો ?

પ્ર.૩ - હું જીદ્દી હતો ?

પ્ર.૪ - મને કઈ વસ્તું કરવામાં ખૂબ મજા આવતી?



પ્ર.૫ - મારું પ્રિય રમકડું કયું હતું ?

પ્ર.૬ - મારા આખા દિવસનું રૂટીન શું હતું ?



પ્ર.૭ - મારા સ્કૂલના પ્રથમ દિવસે શું થયું હતું ?

પ્ર.૮ - મને કઈ વસ્તું / વ્યક્તિથી ડર લાગતો ?

પ્ર.૯ - આપના માટે મારો કયો પ્રસંગ યાદગાર છે ?








## "Wow... Money"



બાળમિત્રો, આજે એક લીસ્ટ બનાવશું..
જેમાં આપણા દેશમાં ૧ રૂપિયા થી માંડીને ૨૦૦૦ રૂપિયા સુધીની રકમના કયા કયા સિક્કા અને નોટ છે. તે નોંધીશું ....
ઉદા.

| રકમ | પ્રકાર |
|---|---|
| ₹ ૦૧ | સિક્કો |
| ₹ ૦૫ | સિક્કો/નોટ |




## "Cartoon Network"



બાળકો, હવે આપણી આંગળી અને અંગૂઠા પર ડ્રોઈંગ કરીને બધાને હસાવીશું... લીંક દબાવો અને તે કળા શીખો... પણ યાદ રહે... એના ફોટોગ્રાફ અમને જરૂરથી મોકલી આપજો...

https://bit.ly/3bifk4E

# “Maths Magic”




ચાલો, ઘણા દિવસ થયા Maths ને હાથ નથી લગાવ્યો...
આજે એ Maths માં પણ Magic છે...
તે જોઈએ...

આજે આપણે ‘4’ ના અંક નો જાદુ જોઈએ ...




$\frac{44}{44} = 1$

$4(4-4)+4 = 4$

$\frac{4}{4} + \frac{4}{4} = 2$

$\frac{(4x4)+4}{4} = 5$

$\frac{4+4+4}{4} = 3$

$4+\frac{4+4}{4} =6$

બાળમિત્રો, આવું તમે પણ કરી શકો છો.. !!!
લઈ લો કાગળ અને પેન અને ઘરના સભ્યોની મદદથી
7 થી 20 સુધી ના ક્રમ ‘4’ નો અંક વાપરીને તૈયાર કરો..



# “હસો ને હસાવો”

લીંક દબાવો અને Video દ્વારા તમે પણ હસો અને બધાને હસાવો... Hi..ha..ha..ha..ha..ha...

https://bit.ly/2zeS4GF

# "General Knowledge"



## શ્વાન સૃષ્ટિ

શ્વાન એટલે કૂતરો. ભગવાને અનેક પશુ-પંખી બનાવ્યાં છે. એમાંય એક જ જાતનાં પશુમાંય અનેક વિશેષતાઓ મૂકી છે. આજે ૧૫૦ થી વધુ કૂતરાંઓના પ્રકારો જોવા મળે છે. ચાલો, આપણી જ આસપાસ ફરતા ૧૦ વિશેષ કૂતરાઓ વિશે વધુ જાણીએ.



**૧. સૌથી ઝડપી કૂતરો : ગ્રેહાઉન્ડ**

સને ૧૯૯૪માં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ સ્પર્ધામાં ગ્રેહાઉન્ડે ૧ કલાકમાં ૬૭.૧૪ કિ.મી. દોડી વિક્રમ નોંધાવ્યો હતો. જે અતૂટ રહ્યો છે.



**૨.સૌથી પડછંદ કૂતરો : ગ્રેટ ડેન**

ઊંચાઈ : ૧.૯ મીટર, વજન : ૧૧૧ કિ. ગ્રામ બરફમાં ઘણા ફૂટ સુધી દટાયેલા માણસોનેય તે સૂંઘીને ઓળખી શકે છે.



**૩.સૌથી નાનો કૂતરો : શિવાવા**

લંબાઈ : ૧૬.૫ સે.મી., ઊંચાઈ : ૧૦ સે.મી., વજન : ૬૮૦ ગ્રામ.



**૪.શ્રેષ્ઠ ગંધપારખું કૂતરો : ડોબરમેન**

સને ૧૯૨૫માં દક્ષિણ આફ્રિકાના એક ડોબરમેને પગલાં સૂંઘીને ૧૬૦ કિ.મી. દૂર ભાગેલા ચોરને પકડ્યો હતો.





**૫.સૌથી ઊંચું કૂદતો કૂતરો : આલ્સેશિયન**
સને ૧૯૨૫માં ફ્રાન્સની સ્પર્ધામાં એક આલ્સેશિયન કૂતરાએ ૧૧ ફૂટ ૯ ઈંચ કૂદી વિક્રમ નોંધાવ્યો છે.





**૬.સૌથી દુર્લભ કૂતરો : ચિનૂક**
ન બોલતા કે ન ભસતા આ કૂતરાઓની વસ્તી દુનિયામાં માત્ર ૧૦૦ જ છે.



**૭.સૌથી વજનદાર કૂતરો : સેન્ટ બર્નાડે**
જન્મ : સને ૧૯૮૧. વજન : ૧૫૩.૫ કિ. ગ્રામ



**૮.સૌથી તાકાતવાન કૂતરો : કાશવિન્ટા વી થોર**
સેન્ટ બર્ના ડે જાતિના આ કૂતરાએ સને ૧૯૭૪માં અમેરિકામાં પોતાના વજન કરતાં ૩૩.૫ ગણું વજન ખેંચ્યું હતું.



**૯.સૌથી ખ્યાતનામ કૂતરો : લેસી**
અમેરિકામાં તેના પર ૭ ફિલ્મો બની છે. સને ૧૯૫૪થી ૧૫ વર્ષ સુધી લેસીની સીરિયલ અમેરિકાના ટી.વી. નેટવર્ક પર ચાલી હતી.



**૧૦.સૌથી ખતરનાક કૂતરો : બુલ ટેરિયર**
જરાક છંછેડો અને તેના મગજમાં ઝેરી રસાયણ ઝરે. પછી તો અમુક સેકંડોમાં જ તે માણસને ચીરી નાંખે.



# "ચંદામામા"

**Friends**, આજે ચંદામામા કેવા દેખાશે ?...
યાદ રાખી રાત્રે તેમને જોઈને આબેહૂબ તેવા જ ચંદામામા
કાગળમાં દોરીશું...

## "એ એ એ... પડ્યું"

બાળમિત્રો, આજે પણ આપણા Family માટે
એક Challenge રમતના રૂપમાં હાજર છે...
થઈ જાઓ તૈયાર...
લીંક દબાવો અને રમત શીખો.

https://bit.ly/3bjPqNZ






## "ઊલટા-પુલટા"

હવે જોઈએ આ રમત કોણ
રમી શકે છે ??!?? બાપ રે...! બહું અઘરી છે...
લીંક દબાવો અને શીખો....

https://bit.ly/2VGQJ46



# “My Guru, My Life”

આજે ગુરુહરિ મહંતસ્વામી મહારાજ
આપણને એક સરસ મજાની વાર્તા
કહેશે... ચાલો, જલ્દી જલ્દી સાંભળીએ...
લીંક દબાવો અને **Video** માણો...


https://bit.ly/2KlvONf



Fun With Family


Story Time


# બંધી તોડ બાવાજી



એક હતા બાવાજી. ખૂબ પ્રતાપી. લોકો તેમને 'બંધીતોડ બાવાજી' કહે. 'બંધીતોડ' એટલે બંધનમાંથી છોડાવે તે. ઘણા લોકો તેમની પાસે આવે. બાવાજી તેમની મુશ્કેલીઓ દૂર કરે.

બાવાજીનો શિષ્ય ગામમાં જાય. ભિક્ષા માગે. કોઈની મુશ્કેલી-તકલીફ જાણી લાવે. ગુરુજી પાસેથી તેનો ઉપાય તેમને જણાવે. એક વાર શિષ્ય એક શેઠના આંગણામાં જઈને ઊભો રહ્યો. ત્યાં રાખેલા પોપટે શિષ્યને કહ્યું, 'તારા ગુરુજી બધાયને બંધનમાંથી છોડાવે છે, તો મારી મુક્તિનો પણ ઉપાય પૂછજે.'





શિષ્ય ગુરુજી પાસે આવ્યો. પોપટને બંધનમાંથી છોડાવવાનો ઉપાય પૂછ્યો. બાવાજીએ કંઈ પણ જવાબ આપ્યો નહીં. ને તેઓ તો એકદમ જમીન પર ચત્તાપાટ પડી ગયા ! ડોકી મરડાઈ ગયેલી. આંખો ફાટી ગયેલી. જાણે મૃત્યુ પામ્યા ન હોય !

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

આ જોઈ શિષ્ય એકદમ ગભરાઈ ગયો. બીજે દિવસે પેલા પોપટ પાસે ગયો. પોપટે પૂછ્યું કે બંધીતોડ બાવાજીએ કોઈ ઉપાય બતાવ્યો કે નહીં ?' શિષ્યએ ઉપાય પૂછવા જતાં બનેલી ઘટના પોપટને કહી સંભળાવી. પોપટ ખૂબ સમજદાર હતો. તે બધું સમજી ગયો.





બીજે દિવસે શેઠાણીએ જોયું તો... પાંજરામાં પોપટ ચત્તોપાટ પડ્યો છે. આંખો ફાટી ગઈ છે. ડોક મરડાઈ ગઈ છે. શેઠ-શેઠાણીને લાગ્યું કે પોપટ મૃત્યુ પામ્યો છે, આથી તેમણે પોતાના નોકરને બોલાવ્યો અને મરેલા પોપટને કાપડમાં વીંટાળી દૂર નાખી આવવા જણાવ્યું.

નોકર ગામથી દૂર એક તળાવના કાંઠે પહોંચ્યો. કપડામાં વીંટાયેલા પોપટને ત્યાં નાખ્યો. પણ ત્યાં તો તેણે એક આશ્ચર્ય જોયું. પોપટ આળસ મરડીને બેઠો થયો. અને પોતાની પાંખો ફેલાવતો સડસડાટ કરતો ઊડી ગયો. નોકરને ખ્યાલ આવી ગયો કે છૂટવા માટે પોપટે યુક્તિ કરી હતી.



આમ, પાંજરાના બંધનમાંથી છુટેલા પોપટે મનોમન બંધીતોડ બાવાજીનો આભાર માન્યો. ખરેખર સાચા ગુરુ મળે અને સમજદાર શિષ્ય હોય, તો ચપટીમાં મુક્તિ મળે.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Kubera's Pride Takes a Fall



We should never take undue pride in our material or spiritual accomplishments. The old saying, "Pride always leads to a fall, is proved true in the following story.

Kubera (the god of wealth) invited Shiva and Parvati to dinner wishing to show off his riches. But, the couple denied Kubera's request and said that he could feed Ganesha instead. Kubera laughed and said, "I can feed thousands of children like this."





Ganesha went to his palace and sat down to eat. He started eating all the food placed in front of him. As was the custom, more and more food was served to him, as he did not say that he had enough.

**Friends, today you have to prepare this story and present it to the parents.**

Soon there was no more food in the palace and so Kubera ordered his troops to get more food from the surrounding villages. But Ganesha continued eating and there was no more food to be found. Still very hungry, Ganesha started eating all the furniture.





Kubera became very frightened. Ganesha told him, "You promised my parents you will feed me. Now, I have to eat you up as I am still very hungry." Kubera ran away and pleaded with Shiva to save him from Ganesha. Shiva asked Kubera to give up his pride and serve Ganesha a handful of rice.

Kubera went back to his palace. By this time, Ganesha's stomach had become very huge but the child was still hungry. When Kubera served a cup of rice with humility, Ganesha's hunger was satisfied.



**Remember, you have to perform this story in front of Mom and Dad.**



















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2VzWKOG



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.



ઘરની બહાર નીકળવું નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ